સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

સૂકાતા આ વદને લાગણીના છાંટા પાડો કોણ ?
હોય માત્ર સૂકી બોરડી એના કાંટા પાડો કોણ ?
ને બાંધે કોણ પાટા, સતત દૂઝતા ઘાવો પર -
કહેવું છે કૈંક, પણ બહેરાથી ઘાંટા પાડે કોણ ?
(મનમાં મુરઝાતી ઉર્મિઓ)

હાઈકુ

ન્યાયી છે નાથ!
કરે છે ભાર ઓછો -
'શેષ'માથે થી...
(લાખો અપ-મૃત્યુઓ)

વ્યાપે અધર્મ
ચીન-ટ્રંપ સ્વરુપે -
જન્મે રાવણ...
(યદા યદા હી...ગ્લાનિ..)

ચિંતન

સર્વ વેદાત્ પ્રસિદ્ધયતિ ।

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

બધુ જ જ્ઞાન વેદમાંથી ઉદ્‌ભવેલું છે. વેદોને વિશ્વના પ્રાચીનત્તમ જ્ઞાનનાં મૂળ સ્ત્રોત તરીકે પણ સ્વીકારવામાં આવેલ છે.

મનુષ્યના જન્મથી લઈને મૃત્યુ સુધીના સોળ સંસ્કારો છે. 'સંસ્કાર એટલે મનુષ્યના દોષોને દૂર કરી તેના વ્યક્તિત્વનું જે નિર્માણ કરે તે સંસ્કાર.'

મનુસ્મૃતિમાં કહેવામાં આવ્યું છે કે 'જન્મ જાયતે શુદ્રઃ સંસ્કારાત્ દ્વિજઉચ્ચતે' એટલે કે જન્મથી શુદ્ર હોવા છતાં મનુષ્ય સંસ્કારથી દ્વિજ એટલે કે બ્રાહ્મણ કહેવાતો હોય છે. આ રીતે આપણા જીવનમાં સંસ્કાર મહત્ત્વના છે. તે મનુષ્યને બીજા જન્મો આપી સાચા અર્થમાં દ્વિજ (બ્રાહ્મણ) બનાવે છે.

સુવિચાર

- બાપની દોલતને ઘમંડ તો બધા કરે, પણ જલસો ત્યારે આવે જયારે દોલત આપણી હોય ને ઘમંડ બાપ કરે !! - **ચિત્રલેખા**
- એકેલે આયેં હૈ સબ યહાં અકેલે હી હોગા જાના...
  ફિર કિસ બાત કી ફિક્ર હૈ ગુજરે હૈ જાને કિતને... ગુજરેગા યે ભી જમાના.... - **સલોની ચૌહાણ**
- અધિકારનું આધિપત્ય અને અહંકારની આરાધના ઓગળે પછી જ સંબંધમાં મિઠાશ આવે - **હિતેન આનંદપરા**
- આપણે જેને વ્યવહાર કહેતા હોઈએ છીએ,
  એ મોટેભાગે તો હિસાબ કિતાબ જ હોય છે - **જિગ્નેશ દાદા**
- સંસારી પ્રેમ નામેય ન હોય, એનું નામ 'પરમાર્થ પ્રેમ'!! - **આપ્તસૂત્ર**
- આજ ક્ષણે મોત આવે પણ ભય ના થાય તો જાણવું કે હવે મોક્ષને માટે 'વિઝા' મળી ગયો !! - **દાદા ભગવાન**
- આજનું ઔષધ : મેંદીના પાનનો ઉકાળો પીવાથી પથરી મટી જાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

કંજૂસ ધની શેઠ ઘણું બધું સૌનું ભેંગુ કર્યું. આ બધું સૌનું ઓગાળીને એક મોટો ગઠ્ઠો બનાવ્યો આ ગઠ્ઠાને પોતાના મકાનની પાછળના સળિયામાં એક ખાડો ખોદીને સંતાડી દીધો. કંજૂસ ઘણી વાર ત્યાં જઈને સોનાનો ગઠ્ઠો છે કે કેમ તેની તપાસ કરે. એક ચોરને શેઠની હરકત ધ્યાનમાં આવી. એક વાર કંજૂસને એક દિવસ માટે બહાર જવાનું થયું. પેલા ચોરે મોકો જોઈને સોનાનો ગઠ્ઠો ચોરી લીધો. કંજૂસ પાછો ફર્યો અને ફળિયામાં પેલા ખાડામાં ચેક કર્યું. ખાડો ખાલી જોઈને શેઠ ખૂબ દુઃખી થયો. એને રોતો જોઈ એના પડોશી એ કહ્યું, 'આમ દુઃખી થવાની જરૂર નથી. તમે પેલા સોનાના ગઠ્ઠાની સાઈઝનો જ એક પથ્થર શોધી કાઢ. એ પથ્થરને એ જ જગ્યાએ ખાડામાં રાખી દે. પછી એવી કલ્પના કરજે કે એ જ તારો પેલા સોનાનો ગઠ્ઠો છે ને એને તારું મન થાય ત્યારે તપાસ્યા કરજે. આમેય તું પેલા સોનાનો ઉપયોગ તો કરવાનો નહોતો તો પછી એ સોનાનો ગઠ્ઠો હોય કે પથ્થર, તને શું ફેર પડવાનો છે ?' સાર એ કે પૈસાનું ખરું મૂલ્ય એની સંગ્રહખોરી કરવામાં નથી, પણ એનો ડહાપણપૂર્વક સદુપયોગ કરવામાં છે.

કોરોના સંકટ ટાણે રાજા રણછોડને મંદિરમાં જ રહેવું ગમશે

તંત્રીસ્થાનેથી...

આષાઢી બીજ એટલે દેશભરમાં ભગવાન જગન્નાથની રથયાત્રાનો પવિત્ર દિવસ. આમ પણ ચોમાસાની આ પહેલી બીજ શુભ મુહૂર્ત તરીકે તો પરાપૂર્વથી પ્રસ્થાપિત છે. કચ્છી નવું વર્ષ રાજવી લાખાજીના વિજય પર્વની રૂએ આષાઢી બીજથી શરૂ થાય છે. પરંતુ પુરીની પ્રસિદ્ધ રથયાત્રાને પગલે શરૂ થયેલી રથયાત્રાની પરંપરામાં શિરમોર છે. અમદાવાદના જગદીશ મંદિરની છેલ્લાં ઘણાં વર્ષોથી નીકળતી રથયાત્રા, જેનું આકર્ષણ ફક્ત ગુજરાત પૂરતું મર્યાદિત નહીં રહેતા દુનિયાભરમાં વસતા ગરવા ગુજરાતીઓ અનુભવતા રહ્યા છે. પુરીની રથયાત્રા તો દિવસો લગી ચાલે છે. અમદાવાદની રથયાત્રા સવારે જગદીશ મંદિરેતી આરંભાઈ સાંજે ત્યાં જ પરત ફરતાં સમાપ્ત થાય છે. પુરીમાં જે પરંપરાઓ અને ધાર્મિક કર્મકાંડો શરૂ થયા તે તમામ અમદાવાદમાં પણ અમલમાં મુકાયા એથી રથયાત્રા ફક્ત ધાર્મિક પર્વ ન રહેતાં મજાનું લોકપર્વ બની ચૂકેલ છે. ભગવાનને મન નાનામોટાનો કોઈ ભેદભાવ ન હોય, તે રથયાત્રાના આરંભમાં સોનાની સાવરણથી પહિંદવિધિ કરતા મુખ્યમંત્રી અને રથ ખેંચતા ખલાસીઓ વચ્ચે વહેંચાયેલી જવાબદારીથી પ્રતિપાદિત થાય છે. કોરોના સંક્રમણને કારણે સર્વોચ્ચ અદાલતે પુરીની જગન્નાથ યાત્રા પર રોક લગાવી તે પણ કેવી વિવેકસભર ભાષામાં ! ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને મોટાભાઈ બલરામને જ આવા સંજોગોમાં ભીડ વચ્ચે બહાર નીકળવું નહીં ગમે, એ મતલબની રજૂઆથમાં શુદ્ધ સંવેદનાસભર કાવ્યત્વ છે. ગુજરાતની રથયાત્રા સંદર્ભે હાઈકોર્ટમાં રીટ થયેલી, એનો ચુકાદો પણ સર્વોચ્ચ અદાલતને જ અનુસરે છે. સંજોગો પ્રતિકૂળ છે, એથી તો રથયાત્રાના સંયોજકોથી લઈ રાજયના ગૃહમંત્રી અને મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રી બેઉને ખાતરી હતી. છતાં પરંપરાને જાળવી રાખવાનો આગ્રહ પણ રહે જ. જગદીશ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ હજુ સરકાર સમક્ષ રજૂઆત કરવા માગે છે અને ટ્રસ્ટીઓ પણ પરંપરાને નાના પાયા પર જીવંત રાખવા માગે છે. જો કે સરકાર હાઈકોર્ટના ચુકાદા વિરુદ્ધ છૂટ આપે એ શક્ય નથી. આખરે ધાર્મિક પરંપરાઓ પણ આવા સંકટકાળમાં તો તડકે મૂકવાની તૈયારી લોકહિતમાં રાખવી જ રહી. આટલા લાંબા સમય સુધી મંદિરો બંધ રહ્યાં તેથી શું ભગવાન રિસાઈ ગયા ? જો રથયાત્રાને મંજૂરી અપાશે તો કાલે મહોરમ જેવાં જુલૂસ પણ મંજૂર રાખવા પડશે. અમદાવાદમાં કોરોનાએ જે કાળી કળેળાટી બોલાવી દીધી છે તે સાંભળીને જગદીશ મંદિરમાં આંખે પાટા બાંધીને બેઠએલા શ્રીકૃષ્ણ, સુભદ્રા અને બલરામની આંખોમાં પણ આંસુ આવી ગયાં હશે. રથયાત્રા નીકળે એટલે દર્શનાર્થીઓની ભીડ તો ઊમટે જ. વળી વર્ષોથી અપાતી રહી છે એમ બહોળી પોલીસ સુરક્ષા પણ આપવી પડે. દરમિયાન કયાંક નાનું-મોટું છમકલું થઈ જાય તો વળી નવી જ સમસ્યા સરજાય. રથયાત્રા માત્ર અમદાવાદમાં નથી નીકળતી. અમદાવાદનું અનુકરણ કરી તમામ મોટાં શહેરો અને નાનાં નગરોમાં શ્રદ્ધાળુઓએ આ ઉત્સવ રંગેચંગે ઊજવવાનું શરૂ કરેલું છે. તેથી અમદાવાદની રથયાત્રાને મંજૂરા આપવા જતાં બાકીની તમામ નાની મોટી રથયાત્રાઓને મંજૂર રાખવી પડે જે કોરોના સંક્રમણના ઉછાળામાં જ પરિણમે એ વિશે ખુદ ભગવાન જગન્નાથથી લઈ મુખ્યમંત્રી વિજયભાઈ અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સુપેરે વાકેફ છે. રથયાત્રા નહીં નીકળવાથી ભગવાન રિસાઈ જવાના નથી. એમને પણ પ્રજાના હિતમાં મંદિરમાં જ ભરાઈ રહેવું ગમશે. અનુષ્ઠાન પૂરું કરવા કરતા ભગવાન અને એમનાં ભાઈબહેનને રથોમાં બિરાજમાન કરી મંદિર પરિસરમાં જ આંટો લગાડવા દેવાય તે ઈષ્ટ છે. જય જગદીશ હરે ! રાજા રણછોડ મંદિરમાં જ સારા લાગશે.

બીન ખેડૂત વીલથી ખેતીની જમીન ટ્રાન્સફર ના કરી શકે : સુપ્રિમ કોર્ટ

ગણોત ધારા કલમ ૪૩, ૪૩(૧) કે ૬૩ માં વીલથી તબદીલીનો ઉલ્લેખ નથી

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

બીન ખેડૂતને ખેડૂત ખાતેદાર બનાવવા માટે વીલથી જમીન લખી આપનારના મૃત્યુ બાદ વીલના આધારે આવી જમીન મેળવનાર ખેડૂત ખાતેદાર બની જવાના ઘણા કિસ્સા ગુજરાતમાં ધ્યાનમાં આવ્યા છે. ગણોત ધારાની કલમ ૪૩, ૪૩(૧), ૬૩ માં વીલનો ઉલ્લેખ નથી પરંતુ આ રીતે વીલથી ટ્રાન્સફર કરવું એ કાયદાના હેતુઓની વિસંગત છે.

સને ૨૦૦૪ થી ૨૦૦૭ દરમ્યાન નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ખેતીની જમીન બીન ખેડૂતને વીલથી ટ્રાન્સફર કરતા ૩૫ થી વધારે પીટીશનો બીન ખેતીની જમીન અંગે કલેકટરે કરેલ હુકમને પડકારેલ જેને સીંગલ જજે તમામ પીટીશનો મંજુર કરી આવી તબદીલી માન્ય ગણેલ આની સામે થયેલ ખંડપીઠના અપીલમાં તમામ જમીન ટ્રાન્સફર થયેલ તેને ગેરકાયદેસર ઠરાવેલી જેની સામે પીટીશનરે નામદાર સુપ્રિમ કોર્ટના દાર ખખડાવેલ.

ગણોત ધારાની કલમ ૪૩, ૪૩(૧) અને ૬૩ માં જમીનની તબદીલીની જોગવાઈ કરવામાં આવી છે તેમાં વેચાણ, ભેટ, વિનિમય, ગીરો, ભાડાપટ્ટે વિગેરે સામે નિષેધ છે પરંતુ તેમાં વીલ મારફત ટ્રાન્સફરનો કોઈ જ ઉલ્લેખ નથી.આથી આવી તબદીલીને મીલ્કતની તબદીલના કાયદાની જોગવાઈના પરિપ્રેક્ષમાં મુલવવી પડે જેના મૂલ્યાંકનના અંતે સીંગલ જજે ઠરાવ્યું કે વીલથી થયેલી તબદીલીથી ગણોતધારાની કલમ ૬૩ નો કોઈ જ ભંગ થતો નથી. પરિણામે આવી ટ્રાન્સફરને કાયદેસરની ગણવી જોઈએ. બીન ખેડૂતોને તેને મળનાર અન્ય કોઈપણ વારસાથી વંચીત ન રાખી શકાય તેજ રીતે વીલના લાભાર્થીને બીન ખેડૂત હોય તો તેને પણ ખેતીની જમીન વારસામાં મેળવવાથી રોકી ન શકાય. કૃષીની જમીન અંગેના મહેસુલી કાયદામાં પણ જમીન વારસામાં મેળવવા પાત્ર ન હોવાનું કે બીન ખેડૂત આવી જમીન વારસામાં મેળવવા ગેરલાયક છે તેવું કયાંય ઠરાવ્યું નથી જે કાયદાનો ટેકનિકલી લાભ લઈ બીન ખેડૂત વીલથી ખેડૂત ખાતેદાર બની જતા હતા.

જમીન મહેસુલ અને બોમ્બે ટેનન્સી એકટના મુળભૂત હેતુ જ ગણોતીયા ખેડૂત, ખેત મજુરો કે કારીગરોના જમીન પરના હિતોનું જતન કરવાનો છે. કાયદો ખેતીની જમીનના સક્ષમ ઉપયોગથી ખેડૂતની આર્થીક અને સામાજીક સ્થિતિ સુધરે અને જમીન માલીક તરીકે તે તેની મીલ્કતનું અસરકારક ખેતી લક્ષી સંચાલન કરી શકે તે માટે વિવિધ સંરક્ષણો કાયદામાં આપેલા છે. અસ્કયામતો વિગેરે તબદીલ કરવા ઉપર નિયંત્રણ મુકેલા છે. માત્ર ગણોતીયાને જમીન માલીક પાસેથી જમીન ખરીદીના અધિકાર આપ્યો છે જેથી ખેડે તેની જમીન સિધ્ધાંત મુજબ તેના પણ માલીકી હક્ક જળવાય અને બીન આર્થીક ખેતી પર રોક લાગી શકે આથી જ ગણોત ધારાની કલમ ૪૩ માં અંગત ખેતી માટે જમીન વહેંચણીમાં ગણોતીયાને વિશેષ અધિકારો અને કલમ ૬૩ માં જમીનની તબદીલી પર નિયંત્રણો મુકેલા છે. જો વીલના આધારે ખેતીની જમીન બીન ખેડૂતને તબદીલ કરવાની છુટ મળે તો મુળભૂત કાયદાનો હેતુ જ માર્યો જાય જે સીધી રીતે ના થઈ શકતુ હોય તે આડકતરી રીતે કરી શકવાની કાયદામાં મંજુરી મળતી નથી જે કાયદો ખેડૂતોના જીવતે જીવ બીન ખેડૂતને ખેતીની જમીન તબદીલ કરવાની મંજુરી ના આપતો હોય તે તેના મૃત્યુ બાદ વીલ મારફતે મંજુરી આપવી એ કાયદાના મુળભૂત હેતુના ઉલ્લંઘન સમાન છે.

ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ ૧૮૮૨ ની જોગવાઈઓના આધીન વીલની જમીન બીન ખેડૂતને તબદીલને મુળવી ના શકાય કારણ કે આમ કરવાથી તો ખેડૂત ખેતીની જમીન ના માલીક અને ગણોતીયાના હક્કોની જાળવણી કરવાનો મુળભૂત હેતુ જ માર્યો જાય છે.

ગુજરાતની લાખો એકર જમીન આ રીતે ટ્રાન્સફર થઈ બીન ખેતીમાં પણ ફેરવાઈ ગઈ છે જેમાં બાંધકામો થઈ વેચાણ પણ ત્રાહિત વ્યક્તિને કરી દીધા છે તેવા સંજોગોમાં ૩૫ પીટીશનરોની અરજી ના મંજુર થતા ડેવલોપમેન્ટ ઉપર પણ અસર પડી શકે છે.

બોમ્બે ટેનન્સી એકટ ૧૯૪૮ ની કલમ ૪૩, ૪૩(૧),૬૩ મા ખેતીની જમીનના હસ્તાંતરણ કે તબદીલી માટે વીલ ના માધ્યમનો ઉલ્લેખ થયેલો નથી પરંતુ તેના કારણે આવી તબદીલી ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ ૧૮૮૨ ની જોગવાઈ મુજબ મુલવી તેને કાયદેસર કરી ના શકાય. આવી તબદીલીથી ગણોતીયા અને જમીન માલીકના હિતને નુકશાન થવા પુરેપુરી સંભાવના છે.

જે વસ્તુ ખેડૂતના જીવતા તબદીલ ના

અનુસંધાન પાના નં ૭ પર

આપણા અંતરઆત્માનો અવાજ સાંભળી આપણા મૂળ સ્વરુપને પામવાનો એક અવસર

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

ક્યારેક રડવાનું મન થાય તો, મને કોલ કરજે,
તને હસાવીશ જ એવુ નથી, પણ તારી સાથે રડી શકીશ.
પણ જો તુ ક્યારેક કોલ કરે ને હું ન ઉપાડુ તો તુ દોડીને આવજે,
ત્યારે કદાચ મારે તારી જરૂર હોય...

- વોટ્સએપ ફોર્વર્ડેડ મેસેજ

વર્ષ ૨૦૨૦ સમગ્ર વિશ્વ માટે એક પડકારરુપ બની રહ્યું છે. આવા સમયમાં વ્યક્તિને પોતાના અંગત પ્રશ્નોની સાથોસાથ આવા બાહ્ય અવરોધો સામે પણ લડવાનું બન્યું છે. આપણે સૌ ઈશ્વરનું અમૂલ્ય સર્જન સમા ભિન્ન ભિન્ન પ્રકારના જીવ છીએ પણ આપણી તકલીફો, આપણી પીડા, આપણા સંજગો આપણા દરેકની લડાઈને એકબીજાથી અલગ કરે છે, રોષ, ગુસ્સો, આક્રોશ, દંભ, ઈર્ષ્યા અને આવી કેટકેટલી લાગણીઓ આપણા મનમાં વ્યક્ત કે અવ્યક્ત સ્વરુપે ધરબાયેલી છે. આપણે બધા બહારથી ભલે જુદા-જુદા દેખાઈએ પણ સ્વભાવે પણ ભિન્ન હોઈએ પણ અંદરથી આપણા સૌના મન હંમેશા સંવેદનાની કૂણી ભીનાશ લઈને જ બેઠા હોય છે. અચાનક કોઈ અજાણી વ્યક્તિના જીવનમાં બનેલી દુઃખદ ઘટના આપણા અંતરાત્માને પણ ઉદાસ કરી જ દે છે. નક્ષત્ર સિંઘની આ કવિતા કંઈક આવી જ વાત સૂચવે છે.

I always kept looking at my eyes.
Got some beautiful some ugly too.
That day but I have seen it by mistake.
Peeping in someone's eyes,
Went down in depth,
Someone saw it for the first time.
Then it became a habit to see,
Now no one was ugly,
Whatever I got, it was just beautiful.
I have come to see, I have also understood,
God made toys is all from one,"But they are broken, many of them are scattered.
On the harsh floor of reality,
Fall from the stumbling of time.

- Nakshatra Singh

સુશાંતસિંહ રાજપૂતના કરુણ આત્મહત્યાની ઘટના હોય કે મોરારી બાપુ પર થયેલા હુમલાની આ પ્રકારની Shocking અને ઘૃણાસ્પદ ઘટનાઓએ આપણા મનની વિકૃતિના કારણે જ બનતી ઘટનાછે. બહારથી ખુશ અને ઝાકઝમાળ ભરેલું જીવન જીવતા લોકોના મનમાં પણ એક ખાલીપો વર્તાતો હોય છે. આપણે બધા ઈશ્વરના એવા સંતાનો છીએ કે જેને જીવનના કોઈને કોઈ તબક્કે દુઃખ પીડા કે નિરાશાની લાગણી અનુભવાઈ જ હોય છે. અને આ પ્રકારની પીજા જ આપણા સારા નરસા વ્યક્તિત્વના ઘડતરનો પાયો બને છે.

આપણી આસપાસ કે આપણા જીવનમાં પણ બનતી તમામ ઘટનાઓ આપણે ધ્યાનપૂર્વક સમજતા બનીએ તો આપણે ક્ષુબ્ધ કે ખંડિત થયેલા વ્યક્તિત્વની અંદર છુપાયેલા સાધારણ નોર્મલ વ્યક્તિને મળી જ શકીશું. આપણે બધા જાણીએ જ છીએ અને આપણે અનુભવ્યું જ હશે કે આપણા સૌના મનમાં જીવનમાં કયારેક તો એકાદ વાર આત્મહત્યા કરી જીવન ટૂંકાવી દેવાનો નબળો વિચાર આવ્યો જ હશે ! આપણે કોઈને મારી બેસીએ એવો ગુસ્સો પણ આવ્યો જ હશે ! આપણા અત્યંત નજીકના સંબંધમાં પણ કયારેક તો એકબીજાથી છેતરાયાનું દુઃખ, કાંટો જરૂર વાગ્યો જ હશે ! પણ આ તમામ સંજોગોને આપણે પસાર થઈ જવા દેવા સક્ષમ રહ્યા જેના પરિણામે આપણે ફરી એકવાર પોતાની જાતને વધુ સરસ રીતે જાણી અને સમજી શક્યા હોઈશું !

આપણાં જીવનમાં આવતી તકલીફોથી કંટાળીન આપણે એક નકારાત્મક, નિરાશ વ્યક્તિ ન બની બેસીએ એ માટે આપણે પોતે અને આપણી આસપાસના અંગત સંબંધીઓએ એ માટે જાગૃત રહેવું પડશે. જરૂર પડ્યે આપણી આસપાસ કોઈ એકાદ કે એકથી વધુ સંબંધ એવો હોવો જ જોઈએ કે જે આપણને ઉદાસ થતા અટકાવે, આપણા અસ્તિત્વને ખંડિત ન જ થવા દે. આજનો આ સમય એવા પ્રકારનો છે. જયાં આપણે સૌ એકબીજાથી ફેંસબુક, ટ્વિટર, ઈન્સ્ટાગ્રામ કે સ્નેપ ચેટથી નજીક છીએ પણ અંતરથી આપણે ખૂબ દૂર છીએ. ભ્રમણાની માયાજાળ ભરેલા ફિલ્ટર્સ વાપરતા વાપરતાં પોતાના અસલી ચહેરાને કે અસલી સ્વરુપને આપણે સાવ ભૂલી જ જતા હોઈએ છીએ. કોરોના લોકડાઉન અને એ ઉપરાંત આ વર્ષમાં બનેલી તમામ અનિચ્છનીય ઘટનાઓ આપણને આપણા અંતરઆત્માનો અવાજ સાંભળી આપણા મૂળ સ્વરુપને પામવાનો એક અવસર આપ્યો છે. તો તેને દિલથી આવકારીએ અને અપનાવીએ.

Last Seen :
પાથરી જાજમ તારે કાજ,
આવ! કૈં'ક તો મનગમતું આપણે ય કરવું!
જગ માં નડવું નથી કોઇને તો
પછી શીદ ને આપણે સળંગ આમ ડરવું!

- 'સ્માર્ત'

- nehalgadhavi101@gmail.com

સરહદે તણાવ : ચીની ખીલાના જોરે નેપાળ અને પાકનું હૂકાહૂક

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

ચીન અને અમેરિકા વચ્ચેના ઘર્ષણના વાવડ હતા ત્યાં હવે તો ચીન ભારત સાથે પણ અંચાઈ કરવા માંડ્યું છે. ભારત ફરતે ભરડો લેવાના એના વ્યૂહના ભાગરૂપે પાકિસ્તાનને પોષવા ઉપરાંત બાંગલાદેશને આર્થિક લાભ પહોંચાડવા અને નેપાળને સોડમાં લઈને નવી દિલ્હી સામે શીંગડાં ભરાવવાના ખેલ બીજિંગ થકી શરૂ થયા છે. લદ્દાખ સરહદે ઘૂસી આવીને એક ભારતીય કર્નલ સહિત ૨૦ કરતાં વધુ સૈનિકોને મોતને ઘાટ ઉતારવાના ચીની અટકચાળા અને ભારતીય પ્રદેશ પરના ખોટા દાવા કરવા પાછળ એની આંખમાં રમતાં સાપોલિયાંને સમજી લેવાની જરૂર ખરી. ભારત વળતો જવાબ આપવા સક્ષમ હોવા છતાં યુદ્ધ કોઈને પોસાય નહીં એટલે મંત્રણા થકી જ મામલો ટાઢો પાડવો અનિવાર્ય છે. ૧૯૬૨નું ભારત નથી એવું કહીને ૧૯૬૭માં જ ભારતે ચીનને ચખાડેલા પરાજયના સ્વાદ પછી પણ ડ્રેગન સખણું રહેતું નથી. એણે પાકિસ્તાનને તમામ પ્રકારની સહાય સાથે ડ્રોન આપીને ભારતીય પ્રદેશમાં આતંકીઓને શસ્ત્રો પહોંચાડવા ઉપરાંત નેપાળને ઉશ્કેરવા સહિતનાં પ્રોક્સી પગલાં ભરવા માંડ્યાં છે. આવા સમયે સબ સલામતની નવી દિલ્હીની જપમાળા ગળે ઉતરે તેવી નથી. ભારતીય શાસકો અને લશ્કરી દળો જ નહીં, સર્વપક્ષી રાજકીય નેતાઓ અને પ્રજા ચીનને પાઠ ભણાવવા સક્ષમ છે; પરંતુ મામલો મંત્રણાઓ થકી ઉકેલાય ત્યાં લગી યુદ્ધના હાકલાદેકારા નિરર્થક છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સર્વપક્ષી બેઠક યોજી તો ખરી પણ એમાં મામલો સ્પષ્ટ થવા કરતાં ગૂંચવાયેલો વધુ જણાયો. લશ્કરી બાબતો અને વિદેશનીતિને રાજકીય હૂંસાતુંસીનો મુદ્દો ના જ બનાવવો જોઈએ એ વાત તમામ રાજકીય પક્ષો અને શાસકોએ તો સમજી લેવાની જરૂર છે. મામલો ગંભીર છે એટલે જાગતા રહેવું પડશે.

દરવાજાના ઊંટને આગળ કરાયું

કોરોનાનું સંકટ હજુ ટળ્યું નથી અને હિંદુરાષ્ટ્રમાંથી સેક્યુલર વાઘા ચડાવીને ચીનની સોડમાં ઘૂસેલું નેપાળ હવે બેપાંદડે થવા માંડ્યું છેઃએણે બંધારણ સુધારો કરીને ભારતના ઉત્તરાખંડ રાજ્યમાં આવતા ત્રણ ભારતીય પ્રદેશ કાલાપાની, લિપુલેક અને લિમ્પિયાધુરાને પોતાના પ્રદેશ તરીકે નેપાળના નકશામાં સામેલ કરી દીધા છે. એ વિસરી જાય છે કે પરોપજીવીની જીવાદોરી લાંબી નથી હોતી અને જેટલા દિવસ એ ટકે ત્યાં લગી એણે એના સૂત્રધાર (ચીન)ના ઈશારે જ નર્તન કરવું પડે છે. સીમા વિવાદ તો અનેક દેશો વચ્ચે હોય છે, પણ એમાં કંઈ પોતાના નકશા બદલવા માટે સંસદમાં બંધારણ સુધારા કરીને એકાએક પારકી ભોમકાને પોતાના નકશામાં પોતીકી બતાવી દેવાથી વાત પતી જતી નથી, પણ કડવાશ અને ટકરાવ અહીંથી શરૂ થાય છે.રાજધાની કાઠમાડૌંમાં માસ્ક પહેરીને મળેલા નીચલા ગૃહના સાંસદોએ સર્વાનુમતે ભારતીય પ્રદેશ પોતાનામાં ભેળવવાનો નિર્ણય કરી લીધો અને સ્વાભાવિક રીતે જ ભારત આ અટકચાળાને કબૂલ ના જ રાખે. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવે એના ઐતિહાસિક આધાર વિનાના આ અટકચાળાને બિનટકાઉ લેખાવ્યો. તેમણે કહ્યું પણ ખરું કે "નેપાળની રાષ્ટ્રીય સભાએ મંજૂર બંધારણ સુધારા વિધેયક અન્વયે ભારતીય પ્રદેશને નેપાળના નકશામાં આમેજ કરીને પોતાના પ્રદેશનું બનાવટી વિસ્તરણ કર્યું છે.આ પગલું સરહદી વિવાદ ઉકેલવાની બાબતમાં ચાલતી મંત્રણાઓની સમજૂતીનું ઉલ્લંઘન કરવા સમાન છે." નીચલા ગગૃહમાં મંજૂર વિધેયકને ઉપલા ગૃહની મંજૂરી પણ ખપે છે. રાષ્ટ્રહિતની વાત આવે ત્યારે ભાગ્યે જ કોઈ એનો વિરોધ કરે. બંને ગૃહો એને પસાર કરે એટલે એ રાષ્ટ્રપતિ વિદ્યાદેવી ભંડારી કને મંજૂરી માટે જવાની પ્રક્રિયા થયા પછી પણ ભારતીય પ્રદેશનો કબજો નેપાળને મળવાનો નથી.

નેપાળી સંસદમાંય વિરોધ ઊઠ્યો

નેપાળી સંસદમાં ભારતને નેપાળનો પ્રદેશ ગપચાવનાર ગણવાની વાત કરીને ભારતીય પ્રદેશને પોતાનામાં જોડી દેવાના વિરોધમાં ભારતે જ ભૂમિકા લીધી છે એવું નથી, સ્વયં નેપાળની સંસદમાં વિપક્ષના અગ્રણી નેતા જિતેન્દ્ર નારાયણ દેવે પણ નેપાળ-ભારત સીમા વિવાદ શાંતિપૂર્ણ મંત્રણાના માધ્યમથી ઉકેલવાની વાત કરી હતી. વાત રાષ્ટ્રના હિતની હોય ત્યારે દેશના દુશ્મન ગણાઈ જવાના ડરથી કેટલાક ભારતતરફી સાંસદોએ કમને વિધેયકનું સમર્થન કરવું પડ્યું છે. જોકે જનતા સમાજવાદી પક્ષનાં ફાયરબ્રાન્ડ સાંસદ સરિતા ગિરિએ તો સંસદમાંથી સભાત્યાગ કરતાં આ વિધેયકનો વિરોધ કર્યો અને આ ત્રણ પ્રદેશ નેપાળના હોવાના પૂરતા પુરાવા નહીં હોવાનું પણ કહ્યું. ચીને પણ રાજા મહેન્દ્રના વખતમાં નેપાળની જમીન ગપચાવી હોવાની વાત પણ એમણે છેડી હતી. સરિતા ગિરિને દેશનાં દુશ્મન ગણવા સુધી કેટલાક લોકો ગયા છે. આમ છતાં, કુલ ૨૭૫ સભ્યોની રાષ્ટ્રીય સભામાં ઉપસ્થિત ૨૫૮ સભ્યોએ સત્તાવાર વિધેયકને સમર્થન આપ્યું એટલે બંધારણ બદલવા માટે બે-તૃતીયાંશ બહુમતી જોઈએ એના કરતાં વધુ સમર્થન પ્રાપ્ત થયું છે. નેપાળમાં હવે રાજાશાહી નથી રહી અને હિંદુ રાષ્ટ્ર પણ નથી રહ્યું. વામપંથીઓની બોલબાલા છે ત્યારે એના પર બીજિંગનો પ્રભાવ વધુ હોય એ સ્વાભાવિક છે.

ઈસ્લામાબાદ-કાઠમાડૌંની વિવશતા

સામાન્ય રીતે નેપાળના વર્તમાન વડાપ્રધાન કે.પી.શર્મા ઓલી ભારત તરફી મનાતા હતા, પણ વર્ષ ૨૦૦૭માં નેપાળના વડાપ્રધાન બનેલા પુષ્પ કમલ દહલ "પ્રચંડ" ના સમયથી ભારત સાથે નેપાળના કાયમના ઉષ્માભર્યા સંબંધોમાં તણાવ આવવાનો શરૂ થયો હતો. સામાન્ય પરંપરા મુજબ નેપાળમાં કોઈપણ વડાપ્રધાન થાય ત્યારે સૌપ્રથમ એ ભારતની મુલાકાતે આવે, પણ પ્રચંડે આ પરંપરા તોડી એટલું જ નહીં, એમણે પહેલાં ચીન જવાનું પસંદ કર્યું હતું. નેપાળના શાસકોમાં કમ્યૂનિસ્ટ અને માઓવાદીઓ આવ્યા ત્યારથી ભારત સાથેના સંબંધોમાં ફરક પાડવા માંડ્યો. એનું વલણ ચીન તરફ ઢળતું રહ્યું. ભારત સરકારે ૨૦૧૫માં નેપાળ-ભારતની સરહદે વેપારની નાકાબંધી કરી એ પછી તો નેપાળમાં ભારત વિરોધ વધુ બોલકો થયો. ચીનનું ચલણ અને પ્રભાવ વધવા ઉપરાંત નેપાળમાં પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈના અડ્ડાઓ અને ભારત વિરોધી પ્રવૃત્તિ બેરોકટોક ચાલતી રહી છે. પાકિસ્તાન પોતે પણ હવે ચીનનું ઓશિયાળું છે. આવા સંજોગોમાં બીજિંગ પોતાનું ધાર્યું આ બંને દેશમાં કરાવી શકે છે. તિબેટને ચીન જે રીતે ઓહિયાં કરી ગયું અને સિક્કિમ દેશ ૧૯૭૫માં જનમતને પગલે ભારતમાં ભળીને ભારતનું સ્વતંત્ર રાજ્ય બન્યો એ પશ્ચાદભૂમાં નેપાળ અને ભૂટાન બેઉ ભારત તથા ચીન સાથે સુમેળ રાખવામાં જ પોતાનું શ્રેય જુએ છે.

રાજનાથસિંહ વિવાદનું નિમિત્ત

ભારતીય પ્રદેશમાં રસ્તા બાંધવાનો અને એનું ઉદઘાટન કરવાનો અધિકાર ભારતના સત્તાવાળાઓને છે. ચીન સાથેના સરહદી વિવાદને પગલે અત્યાર લગી ભારતીય રાજ્ય અરુણાચલ પ્રદેશમાં ભારતના વડાપ્રધાન કે મંત્રીઓ કે પછી દલાઈ લામા જાય ત્યારે બીજિંગ વિરોધ નોંધાવતું રહ્યું છે. હકીકતમાં ભારતના પ્રદેશ અરુણાચલને ચીન દક્ષિણ તિબેટ ગણાવીને વિવાદ સર્જવા આતુર રહે છે.આવું જ કંઈક લડાખ અને ઉત્તરાખંડ સરહદે પણ ચીન કર્યા કરે છે. વચ્ચે બંને દેશના જવાનો વચ્ચે અથડામણ પણ સર્જાઈ હતી. હમણાં હમણાં ઉત્તરાખંડમાં સંરક્ષણ મંત્રી રાજનાથસિંહલિપુલેખ ખાતે એક માર્ગના ઉદઘાટન માટે ૮ મે ૨૦૨૦ના રોજ ગયા અને ૧૮ મે ૨૦૨૦ના રોજ નેપાળે સંબંધિત ત્રણ પ્રદેશને પોતીકા ગણાવવાનું ઉંબાડિયું કર્યું. જોકે સમગ્ર પ્રકરણ અથડામણ સર્જે એવા સંજોગો નથી કારણ ભારત સામે નેપાળ ટકી ના શકે,પણ ચીનના તાલે નર્તન કરીને ચીન પોતાનું વર્ચસ્વ વધારવા આ મુદ્દાને આગળ કરી શકે. ભારતના કાયમ નેપાળ સાથે મધુર સંબંધ રાખવાની નીતિ રહી છે અને કુદરતી આફતોમાં પણ ભારતે નેપાળને મદદ પહોંચાડી છે. જોકે ચીન નેપાળ અને પાકિસ્તાનને ભારત વિરુદ્ધ ભડકાવે અને આ બંને દેશ આવ કુહાડી પગ પર એવું ના કરવા જેટલી સમજદારી જાળવે એ બધાના હિતમાં છે. ચીન સાથેની ભારતીય સરહદ હજી દાયકાઓ પછી પણ નિર્ધારિત થઈ નથી ત્યારે નાનું અમથું છમકલું પણ ભડાકા કરી શકે છે. રાજદ્વારી સ્તરે અને સૌથી ઉચ્ચ સ્તરે આ બાબતને ત્વરાથી લેવા ઉપરાંત શાસક નેતાઓ અને પ્રધાનો તેમ જ પ્રવક્તાઓએ વાણીમાં સંયમ રાખવાની જરૂર છે.

- haridesai@gmail.com